# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

GUJARAT STATE

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

**No.** : ACPC/ADM-11/481
**Date** : 21-6-2011

પ્રતિ,
આચાર્યશ્રી / ડીનશ્રી,

**વિષય : પ્રવેશ વર્ષ ૨૦૧૧-'૧૨ માટે ડીપ્લોમા ટુ ડીગ્રી (એન્જિનીયરીંગ) તથા ડીપ્લોમા ટુ ડીગ્રી (ફાર્મસી)ના ત્રીજા સેમેસ્ટરમાં સીધા પ્રવેશ અંગે.**

**સંદર્ભ : (૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : ACPC/ADM-11/395 તા. ૩૧-૫-૨૦૧૧**
**(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : ACPC/ADM-11/464 તા. ૧૫-૬-૨૦૧૧**

મહાશયશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે, પ્રવેશ વર્ષ ૨૦૧૧-'૧૨ માં આપની સંસ્થા ખાતે ડીપ્લોમા ટુ ડીગ્રી (એન્જિનીયરીંગ) ડિપ્લોમા ટુ ડીગ્રી (ફાર્મસી)ના ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ અંગે આપની સંસ્થાની વર્ષ ૨૦૧૦-૧૧ની કુલ મંજુર થયેલ બેઠકોની નિયમોનુસારની બેઠકો ACPC દ્વારા ભરવાની થાય છે. તેવી બેઠકો માટે ACPC દ્વારા અગાઉ સંદર્ભિત પત્રોથી પત્રવ્યવહાર કરવામાં આવેલ છે. સદર બાબત અંગેની માહિતી **તા. ૨૦-૬-૨૦૧૧ સુધીમાં ફેક્સ નં. ૦૭૯-૨૬૩૦૪૧૧૮** તેમજ સ્પીડ પોસ્ટથી પહોંચાડવા જણાવવામાં આવેલ હતું. આમ છતાં, નીચે સહી કરનારની જાણમાં આવેલ છે કે, આજદીન સુધી અમુક સંસ્થાઓ/કોલેજોની માહિતી આવેલ નથી.

સદર માહિતી ન મળવાના સંજોગોમાં સંસ્થા / કોલેજ ખાતે વણભરાયેલ અને વર્ષાન્તે અભ્યાસ છોડી ગયેલ વિદ્યાર્થીઓની માહિતી 'શૂન્ય' ગણીને આ પ્રવેશની કાર્યવાહી કરવામાં આવશે, જેની માહિતી ન મોકલનાર તમામ સંસ્થાઓએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

**મેમ્બર સેક્રેટરી**